દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૬ ઓક્ટોબર, ૨૦૨૬

વરસાદની ૧૨ ટકા કરતા વધુ ઘટ: દુકાળના સંજોગો માટે ભારતે તૈયાર રહેવું પડશે

દેશમાં ચોમાસુ વરસાદની ઋતુ પુરી થઇ રહી છે. આમ છેલ્લા કેટલાક વર્ષથી ચોમાસુ સત્તાવાર રીતે સપ્ટેમ્બરના અંતે સમાપ્ત જાહેર કરાતું હોવા છતાં ઓક્ટોબરમાં પણ ચાલુ રહેતું હતું, પણ આ વર્ષે તો દેશના ઘણા ભાગોમાંથી ચોમાસુ સપ્ટેમ્બરના અંત પહેલા જ જાણે સમાપ્ત થઇ ગયું છે. અલ-નીનોની દેખીતી અસર આ વર્ષે ચોમાસા પર રહી છે અને ચોમાસુ વરસાદની ૧૨.૫ ટકા ઘટ સાથે પુરું થયું છે. અને આ સાથે જ દેશના અનેક ભાગોમાં દુકાળના ડાકલા વાગવા માંડ્યા છે. મહારાષ્ટ્રે સત્તાવાર રીતે દુષ્કાળની જાહેરાત કરી છે, પરંતુ ભારત ૧૧ વર્ષમાં તેના સૌથી સૂકા ચોમાસાનો સામનો કરી રહ્યું હોવાથી, અન્ય ઘણા રાજ્યો માટે પણ દુષ્કાળ જેવી પરિસ્થિતિનો ડર સતાવી રહ્યો છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશના કેટલાક ભાગો, તેલંગાણા અને રાજસ્થાન સહિતના રાજયો લાંબા સમયથી વરસાદ વગરના દિવસોનો સામનો કરી રહ્યા છે અને બીજા પણ અનેક રાજ્યોમાં ઓછો વરસાદ થયો છે. આપણા ગુજરાતમાં પણ દક્ષિણ ગુજરાતને બાદ કરતા બીજા વિસ્તારોમાં વરસાદ સામાન્ય કરતા ઓછો રહ્યો છે.

સવાલ એ છે કે, ઓછો વરસાદ કે દુષ્કાળ જેવી સ્થિતિનો ભારત માટે શું અર્થ થાય? આ ચોમાસાની ઋતુમાં વરસાદમાં લગભગ ૧૩% નો ઘટાડો નોંધાયો છે. તેમ છતાં, વાવણી સારી રહી છે, જેમાં સામાન્ય કરતાં માત્ર -૧% નો જ તફાવત છે. જો કે, નિષ્ણાતોનું માનવું છે કે સારી વાવણીનો અર્થ આપમેળે સારો પાક અથવા ઉત્પાદન થતો નથી. ઐતિહાસિક રીતે, વરસાદની મોટી ખાધની અસર વાવણી પર ઓછી પરંતુ પાકના ઉત્પાદન પર નોંધપાત્ર પડી છે. અને આ વર્ષે, વરસાદનું પ્રાદેશિક વિતરણ ખૂબ જ અસમાન રહ્યું છે. તેથી, સારી વાવણીનો અર્થ એવો નથી કે સારો પાક જ મળશે એમ નિષ્ણાતો કહે છે.

એલ નિનો અને ભારતીય રાજ્યોમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ મોંઘવારી પર દબાણ બનાવી રાખશે. ખેતીના નબળા ઉત્પાદનને કારણે ખાદ્યપદાર્થોના ભાવ વધી શકે છે. જોકે, બ્રોકરેજ એજન્સીએ જણાવ્યું હતું કે હાલમાં સરકારી અન્ન ભંડારમાં પર્યાપ્ત સ્ટોક હોવાને કારણે એકંદરે ફુગાવા પરની અસર નિયંત્રણમાં રહેવી જોઈએ. જો એલ નિનોની પરિસ્થિતિ ચાલુ રહેશે અને પાકના ઉત્પાદનને વધુ નુકસાન પહોંચાડશે, તો ખાદ્યપદાર્થોના વધતા ભાવ ફુગાવાને વધારી શકે છે અને ગ્રામીણ માંગ પર અસર કરી શકે છે. હાલ તો કુલ એકંદર ફુગાવો નિયંત્રણમાં છે અને એવું લાગે છે કે તે હાલમાં વોલ્યુમ પર નોંધપાત્ર દબાણ નહીં લાવે. જોકે, ઉત્પાદનના ભાવમાં વધુ વધારો અને આ વર્ષે ખેતીના ઉત્પાદન પર પડેલી અસરથી એકંદરે વપરાશ પર દબાણ વધી શકે છે. પાકના ઉત્પાદનને થનારા સંભવિત નુકસાનથી સતત બીજા વર્ષે ખેત આવક નબળી રહેવાનો ખતરો છે, જેનાથી ગ્રામીણ ગ્રાહકોની ભાવના અને ખર્ચ પર વધુ માઠી અસર પડશે. તે જ સમયે, સપ્લાય બાજુના દબાણને કારણે ગ્રાહક ફુગાવો વધી રહ્યો છે. મુખ્ય રિટેલ ફુગાવો (CPI) ૫% થી ઉપર ગયો છે, જેનું મુખ્ય કારણ ખાદ્ય અને પીણાંના ઊંચા ભાવ છે. આંતરરાષ્ટ્રીય કોમોડિટીના ભાવમાં અસ્થિરતા અને સ્થાનિક પાકના તણાવને કારણે શિયાળાની લણણીની ઋતુ પહેલા ખાદ્યપદાર્થોના ભાવ ઊંચા રહેવાની શક્યતા છે. ૨૦૧૫ પછીનું ભારતનું આ સૌથી સૂકું ચોમાસું પ્રારંભિક કૃષિ આયોજન અને વાસ્તવિક પાકની ઉપજ વચ્ચે વધતા તફાવતને દર્શાવે છે. મજબૂત વાવણી અને પૂરતો અન્ન ભંડાર તાત્કાલિક રાહત આપે છે, પરંતુ સતત પ્રાદેશિક વરસાદની ખાધ ખાદ્ય મોંઘવારી, ગ્રામીણ વપરાશ અને એકંદર આર્થિક વૃદ્ધિ માટે બહુપક્ષીય ખતરો ઉભો કરે છે. ભારતના અર્થતંત્ર માટે ખરી પરીક્ષા શિયાળાની લણણીની ઋતુ નજીક આવતા જ શરૂ થશે, કારણ કે શિયાળાના પાકને પણ અસર થશે. દેશના અનેક ભાગોમાં જળાશયોમાં પાણી ઓછું છે. ગુજરાતના પણ અડધા કરતા વધુ જળાશયો આ વખતે પુરા ભરાયા નથી, જેનાથી સિંચાઇ, વીજ ઉત્પાદન સહિતની બાબતો પર અસર થશે. દુકાળના સંજોગોનો સામનો કરવા અત્યારથી જ પગલાં શરૂ કરી દેવા પડશે.

તૂટેલી તલવાર

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જાપાનની યુદ્ધકલા ઇતિહાસમાં સમુરાઇ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે અને દરેક સમુરાઇ યોદ્ધા માટે શિસ્ત અને આત્મનિયંત્રણ ખૂબ જ મહત્વનું હોય છે.

એક યુવાન સમુરાઈ યોદ્ધા બનવા માટે એક ગુરુ પાસે આવ્યો.અને સમુરાઇ તલવાર ચાલવવાનું શીખવા લાગ્યો. તે સઘન તાલીમ લેતો હતો અને સતત મહેનત કરતો અને ગુરુજી કહેતા તેથી વધુ અભ્યાસ કરતો એટલે તેની આ મહેનત અને લગનને કારણે તે સમય કરતા વધારે જલ્દી એક પારંગત સમુરાઇ યોધ્ધા બની ગયો.

તે પોતાની તલવારબાજી પર ખૂબ ગર્વ કરતો.અને તે હંમેશા ગુરુજીએ પહેલા દિવસે આપેલી તલવાર સાથે જ તાલીમ લેતો અને સતત તે તલવાર જ સાથે રાખતો. તેના મનમાં સર્વ શ્રેષ્ઠ સમુરાઇ યોદ્ધા બનવાની ઈચ્છા હતી.

એક દિવસ અભ્યાસ કરતા તેની પ્રિય તલવાર તૂટી ગઈ.તે હતાશ અને નિરાશ થઈ ગયો, વિચારવા લાગ્યો કે મારી શ્રેષ્ઠ તલવાર તૂટી ગઈ ! હવે બીજી કોઈ તલવાર સાથે યુદ્ધ કરવું મને નહિ ફાવે તો ...બીજી તલવાર પહેલા જેવી નહિ નીકળે તો ....તેણે પોતાના મનની હતાશા અને દ્વિધા ગુરુજીને કહી અને આજે પહેલો દિવસ હતો કે તેણે તાલીમ ન લીધી

ગુરુએ પૂછ્યું, ‘મને કહે કે તારી તલવાર તૂટી છે કે તારી ઓળખ?’

ગુરુજીનો આ સવાલ સાંભળી યુવાન ચોંક્યો.અને ગુરુજીની સામે જોઈ રહ્યો. ગુરુજી ઉભા થયા અને એક લાકડાની તલવાર તેના હાથમાં આપી અને કહ્યું,

‘જો તું એમ માને છે કે તારી શક્તિ માત્ર એક તલવારમાં હતી, તો તું ક્યારેય સાચો સમુરાઈ યોદ્ધા બન્યો જ નહોતો.આ લે લાકડાની તલવાર અને તાલીમ અને અભ્યાસ ચાલુ રાખ.’

યુવાને લાકડાની તલવાર સાથે અભ્યાસ કરવાનું શરુ કર્યું. બે દિવસમાં જ તેને સમજાઈ ગયું કે સ્મુરીના દાવપેચ તેના મગજમાં હતા ,તલવાર ચલાવવાની તાકાત તેના હાથમાં હતી અને શુષ્ટ અને સ્થિરતા તેના મનમાં હતી....જે તૂટી ગઈ તે તલવારમાં કઈ ન હતું તે તો માત્ર સાધન હતી હવે સાધન બદલાયું હતું, તેના હાથમાં એક લાકડાની તલવાર હતી પરંતુ કૌશલ્ય, શિસ્ત અને મનની સ્થિરતા તેની પોતાની હતી.

યાદ રાખજો તમારી આવડત તમારી અંદરની કુશળતા કોઈ છીનવી ન શકે.તે તમારી અંદર હોય છે કોઈ બહારના સાધન પર નિર્ભર નથી.

શેઠ જી.સી. હાઈસ્કૂલ જેવી શાળાઓમાં ગાંધીમૂલ્યો જીવી રહ્યાં છે, જે શાશ્વત છે

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

ગુજરાતમાં સો વર્ષથી ચાલતી હોય તેવી શાળાઓ કેટલી? આ પ્રશ્ન એટલા માટે થયો કારણ કે તાજેતરમાં જ ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના પીલવાઈ ગામે શેઠ ગિરધરલાલ અને ચુનીલાલ હાઈસ્કૂલ ટ્રસ્ટ પોતાની શેઠ જી.સી. હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા પોતાના શતાબ્દી વર્ષને ઉજવવાની શરૂઆત કરી છે.

વર્ષ ૧૯૨૭માં પહેલી ઓગસ્ટે પીલવાઈ ગામના બે વણિક બંધુઓએ છ વિદ્યાર્થીઓ સાથે ધોરણ ૧ની અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી. ૧૯૩૧માં ગામ તળાવ પાસે મકાન બનાવ્યું અને પછી તો આજુબાજુનાં ગામથી વિદ્યાર્થીઓ ભણવા આવવા લાગ્યાં એટલે છાત્રાલયની સગવડ પણ કરી. આ દરમિયાન વિદ્યાર્થીઓના અભ્યાસનો તમામ ખર્ચ મેસર્સ ચુનીલાલ એન્ડ સન્સ ઉઠાવતી. ૧૯૪૪ સુધી કડી સર્વ કેળવણી મંડળે વહીવટ કર્યો અને ૧૯૪૪માં આચાર્ય તથા સંચાલન માટે છગનભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી. આ છગનભાઈ પટેલે વિદ્યાના દીવાને જ્ઞાનયજ્ઞમાં પરિવર્તિત કર્યો અને પીલવાઈમાં મેટ્રિક સુધીનું શિક્ષણ ઉપલબ્ધ થયું. તેમણે ૧૯૬૫ સુધી સેવા આપી. દેશના રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થયો. ૧૯૫૧માં શાળાનું નવું મકાન બન્યું, જેનું ઉદ્ઘાટન મુંબઈ રાજ્યના ગૃહમંત્રી મોરારજી દેસાઈના હસ્તે થયેલું.

આ આચાર્ય છગનભાઈ પટેલે તો પછી ગામમાં જ કોલેજ શિક્ષણ મળે તે માટે પ્રયત્નો આદર્યા હતા અને દાતાઓએ ૯૯ વીંઘા જમીન દાનમાં આપી. ત્યાં આજે આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ ચાલે છે, જેણે પણ પોતાની સ્થાપનાનાં ૬૬ વર્ષ પૂરાં કર્યાં છે.

પીલવાઈની જી.સી. હાઈસ્કૂલે પોતાની સ્થાપનાનો સોમો દિવસ ઉજવ્યો અને આખું વર્ષ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવાનું છે. શેઠ ગિરધરલાલ ન્હાલચંદના પૌત્ર હર્ષદભાઈ શાહ હાલ ટ્રસ્ટી તરીકે સંભાળ લઈ રહ્યા છે. આ વર્ષે વિદ્યાર્થીઓને શાળાના ગણવેશથી માંડીને અભ્યાસ સામગ્રી સુધીની અનેક ભેટ મળી રહી છે. પીલવાઈ કોલેજના નિવૃત્ત અધ્યાપક ડૉ. યશોધર રાવલ આ શૈક્ષણિક સંકુલમાં વ્યવસ્થાપક માર્ગદર્શક તરીકે સેવા બજાવે છે અને વિદ્યાર્થીલક્ષી બાબતોમાં દાતાઓનાં દાન મળી રહ્યાં છે.

આજે આ વાત શેઠ જી.સી. હાઈસ્કૂલની વાહવાહ માટે નથી લખી. આજે આ વાત એટલા માટે લખી છે કે બે દિવસ પહેલાં જ આપણે ગાંધી જયંતી ઉજવી. આ ગાંધી કેટલો વ્યાપક અને કેટલો શાશ્વત છે તેનો પુરાવો આ જી.સી. હાઈસ્કૂલ જેવી સંસ્થાઓ છે. ગાંધીજીએ ઈશાવાસ્ય ઉપનિષદમાંથી ‘તેન ત્યક્તેન ભુંજીથા’ એટલે કે ‘તેનો ત્યાગ કરીને ભોગવ’ના આદર્શને આધારે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો. કાર્લ માર્ક્સ શ્રમિકોને હિંસા દ્વારા ધનિકોની મિલકત પડાવી લેવાની વાત કરતા, જ્યારે ગાંધીજીએ ધનિકોના હૃદય પરિવર્તન દ્વારા કલ્યાણની વાત કરી. તેમણે ધનિકોને કહ્યું કે તને જે નફો મળ્યો છે તે તારા એકલાનો નથી. ગ્રાહકો, શ્રમિકો બધાના કારણે તારી પાસે આ મિલકત આવી છે. તું એનો માલિક થવાને બદલે રખેવાળ થા. તારા નફાનો એક ભાગ સમાજ માટે કાઢ. ટ્રસ્ટ બનાવ અને તે દ્વારા તારી મિલકત સમાજના કલ્યાણમાં વાપર.

ગાંધીજીનો આ વિચાર એવો વ્યાપક બન્યો કે ગામેગામ નાનાં-નાનાં ટ્રસ્ટો ખૂલ્યાં. અનેક લોકોએ પોતાની મિલકતનો એક હિસ્સો સમાજ માટે વાપરવાનું શરૂ કર્યું અને નાનાં-નાનાં શહેરોમાં દવાખાનાં, શાળાઓ, બગીચાઓ, ધર્મશાળાઓ ખૂલી. સામુહિક જરૂરિયાતની સેવાઓ આ ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી. તમે પીલવાઈમાં હો કે સુરતમાં, ભાવનગરમાં હો કે રાજકોટમાં, તમને સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચાલતી શાળા-કોલેજો દેખાશે જ. હા, દુઃખ એ વાતનું ખરું કે આમાંનાં ઘણાં ટ્રસ્ટ હવે ખાનગી અને સેલ્ફ ફાઈનાન્સ શાળા-કોલેજ, દવાખાનાં ચલાવે છે. ગાંધીજીએ પોતાની સંપત્તિ સમાજ માટે વાપરવાનું કહ્યું હતું, જ્યારે નવા ટ્રસ્ટીઓ સમાજના રૂપિયા ઘરભેગા કરવા મથામણ કરે છે. ખેર, આપણે એમની વાત પછી કરીશું. આજે એમની વાત કરીએ, જેઓ આ નફા અને ખાનગીકરણના યુગમાં પણ શિક્ષણ વેચવા નથી બેઠા!

પીલવાઈની શેઠ જી.સી. હાઈસ્કૂલ આજના સમયમાં જાહેર ટ્રસ્ટની જેમ ચાલે છે. વિદ્યાર્થીઓને ઈનામોથી માંડીને ગણવેશ પૂરો પાડે છે અને ૧૯૨૭માં, એટલે કે ગાંધીજીએ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો કે ટ્રસ્ટનો કાયદો બન્યો તે પહેલાં, આ વણિક બંધુઓએ ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાનો દીવો પ્રગટે તે માટે કામ કર્યું છે. ગાંધીએ તેને બળ પૂરું પાડ્યું અને સમાજે ગાંધી વિચારને જીવાડ્યો.

> ગાંધીજીએ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો કે ટ્રસ્ટનો કાયદો બન્યો તે પહેલાં, આ વણિક બંધુઓએ ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાનો દીવો પ્રગટે તે માટે કામ કર્યું છે

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

કાગડું તેડું તેડું ને ઊડી જાય..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

આ તો ભાદરવો આવ્યો એટલે ‘શ્રાદ્ધ’નો ટાવર પકડાઈ ગયો. આમ પણ સ્વજન અને કાગડા સિવાય ઉકલી ગયેલાં પૂર્વજોનો બેલી કોણ? કાગડા તો કાગડા, વરસે દિવસે બિચારા સાથે સંબંધ તો અકબંધ રાખે ને? બાપાની કાળજી તો રાખે ને! એટલે જ લાડવાચક નામથી કાગડાને બદલે ‘કાગડું’ શબ્દપ્રયોગ કર્યો છે. કાગડાકો કભી કમજોર મત સમજના..! હિંદુ ધર્મગ્રંથો અને પૌરાણિક માન્યતાઓ મુજબ, શનિદેવ મહારાજનું એ સૌથી મુખ્ય અને પ્રચલિત વાહન કહેવાય. શનિદેવ જો બગડ્યા તો ભીંગડાં કાઢી નાખે. એ બંનેનો ડર લાગે મામૂ..! પૂર્વજોનો અને બીજો શનિદેવનો..! કૂતરાના બચ્ચાને પણ લાડથી ‘ગલુડિયું’ જ કહીએ, એટલે લાડથી બોલાવવાની આ ‘સ્ટાઈલ’ પણ ખરી યાર..! બિચારા આદિકાળથી પૂર્વજોની શ્રાદ્ધસેવા સંભાળતા હોય, એને લાડ તો લડાવવા જ પડે ને? માટે કોઈએ ઉધરસ કાઢવી નહીં કે, ‘કાગડું’ કેમ કહ્યું..! મારા પૂર્વજને કાગડું કહું કે કાગડો, એમાં બીજાને શું? એ પણ ખરું ને?

પૂર્વજો પણ કેવી આગોતરી વ્યવસ્થા કરી ગયેલા? ભાદરવો બેસે એટલે શુક્લ પક્ષના 15 દિવસો દેવોના ને કૃષ્ણ પક્ષના 15 દિવસો પિતૃઓના..! દેવો આવીને બધું ચકાસી જાય ને NOC આપે કે, બધું સલામત છે, પછી જ પૂર્વજો પોતપોતાના ધાબાને ‘હેલિપેડ’ બનાવીને લેન્ડિંગ કરવા માંડે..! મુદ્દો આસ્થાનો છે. દેવોને તો સાચવી લેવાય, પણ પૂર્વજોને સાચવવાના એટલે છોટલા સાથે અખરોટ ચાવવા બરાબર..! અઘરામાં અઘરી પરીક્ષા આવી હોય તેવી તૈયારી કરવી પડે. ડર લાગે કે જીવતાં-જીવતાંનો હિસાબ કાઢીને બેઠા તો? જો કે, બધાના જ બાપા એવા હોય એવું નથી. અમુકને તો હેલ્મેટ પહેરીને પણ કાગવાસ નાખવો પડે. કારણ કે, કાગડાની ચાંચ ચકલી જેવી કોમળ હોતી નથી.

શ્રાદ્ધનો મહિનો બેસે એટલે ધાકમાં જીવવાનું ને ભીંડાથી પેટ ભરવાનું..! ભાદરવામાં ભીંડા પણ એટલા નીકળે કે આખા એક્સપ્રેસ હાઈવે ઉપર ભીંડાનાં તોરણ ઝુલાવ્યાં હોય તો હાઈવે ટૂંકો પડે, પણ ભીંડા નહીં ખૂટે..! ભીંડાની જાત ભલે કોઈ બીજા શાક સાથે નહીં ભળે, પણ કાગડા ભળી જાય. છૂટાછવાયા મળે ત્યારે કાગડાની ઈજ્જત નહીં કરીએ, પણ ભાદરવાનું પ્રાગટ્ય થાય એટલે કાગડાના અચ્છે દિન આવવા માંડે. ધાબે ધાબે કાગડાના મેળા ભરાય. એમાં આ વરસે તો કોઈએ કાળી મૂઠ મારી હોય એમ કાગડા કરતાં વાદળાં વધારે દેખાય. ચિંતા એ વાતની થાય કે બાપાને રાજી રાખવા સારી-સારી વાનગીઓનાં તપેલાં ચઢાવ્યાં હોય ને વરસાદના ત્રાસથી બાપાએ બહાર નીકળવાનું માંડી વાળ્યું તો? મહેનત માથે પડે..! છત્રી અને રેઈનકોટનાં પણ વાંસા મૂકવાં પડે..!

શ્રાદ્ધની તિથિએ કંઈ ઓછી હલામણ હોય? જે તિથિએ શ્રાદ્ધ આવતું હોય એ દિવસે ઉપરી અધિકારીનું ‘ઈન્સ્પેક્શન’ આવતું હોય એમ ઘરનો માહોલ બદલાઈ જાય. રાંધણ બદલાઈ જાય. જીવતાં-જીવતાં ઠરવા ના દીધા હોય એટલે રસોડામાં દીપડો ઘૂસી ગયો હોય એટલો ડર લાગે. પૂર્વજો સંતુષ્ટ થયા તો ઠીક, જો નાપાસ થયા તો રસોઈ ને દિવાળી બેઉ બગાડે..! પગના તળિયેથી માંડીને માથાની ટોચ સુધી ‘બ્લડપ્રેશર’ કૂદકા મારતું થઈ જાય. એટલે તો અમારો ચમનિયો કાગવાસ નાખવાનો હોય તો હેલ્મેટ પહેરીને કાગડાના ‘ડ્રેસકોડ’માં જ કાગવાસ નાખે. એ જ્યારે કાગવાસ નાખવા જાય ત્યારે કાગડું ‘તેડે તેડે ને ઊડી જાય..!’

યે સબ પાવરકી કમાલ હૈ..! ‘માણસને અમુક પાવર આવી જાય પછી ઝાયલો નહીં રહે એમ શ્રાદ્ધ ટાણે કાગડું પણ ઝાયલું નહીં રહે. કાગવાસ લેવા ભાવભીના અવાજે કાલાવાલા ને ભાઈ-બાપા પણ કરવા પડે. જેમ મતદારોને રીઝવવા ઉમેદવારનો પરસેવો નીકળી જાય એવી હાલત થાય. એની જાતને જલદી એપોઈન્ટમેન્ટ પણ નહીં આપે..! પોતાની મરજી હોય તો જ કાગવાસ સગેવગે કરવા આવે..! જે કહો તે, શ્રાદ્ધપક્ષમાં કાગડાનું એટિટ્યૂડ એટલે નવાબ જેવું..! કોઈ ફાઈવસ્ટાર હોટેલના ફૂડ ક્રિટિક હોય એમ પહેલાં તો કાગવાસને ત્રાંસી આંખે જોશે કે ખીરમાં શુદ્ધ કેસર નાખ્યું છે કે પછી સાવ આર્ટિફિશિયલ કલર છે?

બાપાની પીઠ ઉપર ચઢીને ગમે એટલી વખત તબડક-તબડક કર્યું હોય, એ કામ નહીં આવે. બાપાના મગજમાં કાગડો એવો ચમચો હલાવે કે, “જેમણે જીવતાં-જીવતાં માંગેલું પાણી આપ્યું ના હોય, ઘરમાં મોંઘીદાટ અગરબત્તીનો ધુમાડો કર્યો હોય, પણ તમારા ઓરડામાં મચ્છરની અગરબત્તી સુદ્ધાં મૂકી ના હોય તો મર્યા પછી બહુ ઓળઘોળ નહીં થવાનું. તેનો હિસાબ શ્રાદ્ધમાં જ કઢાય..!” બાપા ત્યારે પણ બગડે કે એમને તીખાં મરચાંનાં ભજિયાં, ગાંઠિયાં-પાપડી ભાવતાં હોય ને આપણે મૂકીએ ખીર-પુરી. એમાં બાપા વધારે છીંકી જાય. બરાડા તો નહીં પાડે, પણ વિચારે તો ખરા કે દસ વરસથી ડાયાબિટીસ હોવાની ખબર હોવા છતાં મારા રોયા વેર લેતા હોય એમ બાસુદી-પુરી શું કામ મૂકતા હશે? મરેલાને શું કામ મારતા હશે? બાપા ઔર બગડે..!

માયા બહુત બૂરી ચીજ હૈ લાલા..! માટે જીવતાં-જીવતાં જીવતાને જેટલું ‘આઈ લવ યુ’ કહેવાય એટલું કહી દેવાનું. ઉકલી ગયા પછી માયા બતાવવાના થયા તો ઉધારી ચૂકવતા હોય એવું લાગે. અનર્થ થાય. લાગણીના ઉભરા જોઈને બાપાને પાછા ફરવા ઉશ્કેરવા જ નહીં. બાને પૂછી જોવાનું..! બાપા પણ વિચારતા હોય કે, ‘જીવતાં-જીવતાં જો લાગણીના ફુવારા છોડ્યા હોત તો મરવાની ઉતાવળ મને ક્યાં હતી? સેન્ચુરી ઠોકી દીધી હોત..! તંઈઈઈઈ..?’

જો કે, શ્રાદ્ધમાં આવે તો પણ બાપા પોતાના ધાબે જ આવે. બીજાના ઘરનો વાસ ઝાપટવા ગયા હોય એવું સંભળાયું નથી. કાગડો મોભે બેસીને કાઉ-કાઉ કરે એટલે પરિવારને હરખની હેડકી ઊપડવા માંડે કે, “દાદા આવી ગયા..!” છોકરું ઘોડિયામાં ઊંઘતું હોય તો તેને પણ ઉઠાવી લાવીને બાપાને કહે કે, “બાપા, આ આપનો લેટેસ્ટ કુળદીપક..! દાદાને જયશ્રી કૃષ્ણ બોલ બેટા..!”

ચમનિયો મને કહે, ‘આપણા પૂર્વજોએ કેવાં કર્મ કરેલાં હશે કે કાગડા સ્વરૂપે મળવા આવે? કોઈનો પણ પૂર્વજ મોર થઈને ‘મોરવાસ’ લેવા કેમ આવતો નથી? સરાધિયાનું ખાવાની મોનોપોલી શું કાગડા પાસે જ હોય?’ હવે ચમનિયાને તો તમે ઓળખો. ખાડી નાની પણ પુલ મોટો. એમના આત્માને પરમ શાંતિ મળે, બીજું શું? સમૂહ ‘શ્રાદ્ધ મહોત્સવ’ પણ રખાય, જેથી દરેક પરિવારના પૂર્વજોનાં દર્શન થાય..! સરકારની પણ છાપ વધે અને જ્યારે આપણું જવાનું થાય ત્યારે ઉપરવાળા લોકો પણ ઈજ્જત કરે. કાગડો જોઈને કાંકરીચાળો કરવા જેવો નહીં. કદાચ એ આપણો પૂર્વજ પણ હોય..!’

સમય સમયના ખેલ છે મામૂ..! આવું બધું અમાસ સુધી જ ચાલે. શ્રાદ્ધપક્ષ પત્યો એટલે તું તારે ધામ ને હું મારે ધામ..! કાગડાની વૈભવી લાઈફસ્ટાઈલ ઉપર બ્રેક લાગી જાય. કાગડો ધાબે બેસીને કાઉઉ.. કાઉઉ કરે તો દૂધપાકને બદલે સાવરણીના સોટા પણ ખાવા માંડે..! અમલદાર જેવો અમલદાર નિવૃત્ત થાય એટલે કૂતરા પણ ‘ઓટલા-ત્યાગ’ કરવા માંડે, એમ શ્રાદ્ધકાળ પૂરો થાય પછી કાગડાની હાલત પણ ખુરશી ઉપરથી ઊતરી ગયેલા અમલદાર જેવી થાય. શું કહો છો ચમનિયા?

> બિચારા આદિકાળથી પૂર્વજોની શ્રાદ્ધસેવા સંભાળતા હોય, એને લાડ તો લડાવવા જ પડે ને? માટે કોઈએ ઉધરસ કાઢવી નહીં કે, ‘કાગડું’ કેમ કહ્યું..! મારા પૂર્વજને કાગડું કહું કે કાગડો, એમાં બીજાને શું? એ પણ ખરું ને?

લાસ્ટ બોલ

ચમનિયો કાઆઆઆ...
કાઆઆઆ બોલીને થાકી ગયો,
પણ કાગડો આવ્યો નહીં..!
પાડોશીએ પૂછ્યું, ‘કેમ, કાગડા
વાસ લેવા આવતા નથી કે શું?’
ક્યાંથી આવે? બાપા વાતોડિયા
બહુ. જીવતા હતા ત્યારે
આજુબાજુવાળાઓ સાથે ઝઘડતા
બહુ. હજી પણ શેરીમાં આવેલા
કાગડાઓ સાથે ઝઘડી રહ્યા છે..!
પાડોશી કહે, ‘અમારી કાગડી
પણ એ જ ટોળામાં લાગે છે..!’
તારા ક્પાળમાં કાંદા ફોડું...!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આ દિશા મા કંઈ કરવું પડશે નહી તો....?

દેશના બંધારણમાં શિક્ષણ મેળવવાનો તમામને બંધારણીય અધિકાર છે. આપણે ત્યાં સરકારી શાળાઓ બંધ થતી જાય છે. તેનું માળખું ખલાસ થઈ રહ્યું છે. ખાનગી શાળાઓ, કોલેજો અને સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓ વધુ પ્રમાણમાં શરૂ થઈ રહી છે. શિક્ષણ એક વેપારનું માધ્યમ બનવા જઈ રહ્યું છે. ત્યારે અમેરિકા, જાપાન અને યુકેમાં શાળાથી લઈને કોલેજ કક્ષા સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે. શાળા અને કોલેજોની ઈમારતો ખૂબ જ સજ્જ હાલતમાં અને વાતાવરણ ખુશનુમા જોવા મળે છે. સરકારી શાળાઓ અને કોલેજો બંધ થતી જશે અને ખાનગી શાળાઓ તથા કોલેજોની ફી વધતી જશે તો આવનારા સમયમાં જે લોકો આર્થિક દૃષ્ટિએ સક્ષમ હશે તેઓ જ શિક્ષણ મેળવી શકશે. આપણે સૂત્ર આપ્યું છે, ‘પઢેગા નહીં તો બઢેગા કૈસે?’ પણ શિક્ષણ જ પ્રાપ્ત નહીં થાય તો સૂત્રનો કોઈ અર્થ જ નથી. શિક્ષણ અને આરોગ્ય સેવા મફત કરી દેવામાં આવે અને માનવીય ભેદભાવ મટી જાય તો કોઈ પણ પ્રકારના આરક્ષણની જરૂર પડે નહીં. દેશને વિશ્વગુરુ બનતાં વાર નહીં લાગે. દરેક વ્યક્તિ દરેક પ્રકારના કરવેરા આસાનીથી ભરપાઈ કરી શકશે. આપણે વિદેશના દેશો સાથે અનેક પ્રકારના કરારો કરીએ છીએ તો અમેરિકા, જાપાન અને યુકે જેવા દેશો કઈ રીતે પોતાના લોકોને મફત શિક્ષણ પૂરું પાડે છે તે દિશામાં વિચારવું જોઈએ.

સુરત - ચન્દ્રકાન્ત રાણા

મોંઘવારી જીવતી ડાકણ છે

આજે એક સામાન્ય નાગરિક જ્યારે સવારે જાગીને પોતાના દૈનિક જીવનની જરૂરિયાતો સામે નજર કરે છે ત્યારે તેને સૌથી પહેલો સામનો ‘મોંઘવારી’ સાથે કરવો પડે છે. પેટ્રોલે રૂ. ૧૦૨ નો આંકડો વટાવી દીધો છે, શાકભાજી, દૂધ, રસોઈ ગેસ, શિક્ષણ અને દવાઓ સુધીની તમામ જરૂરિયાતો સામાન્ય પરિવારના બજેટ બહાર જઈ રહી છે. એક સમયે જ્યારે ઈંધણ કે દૂધના ભાવમાં માત્ર પચાસ પૈસા કે એક રૂપિયો વધતો, ત્યારે આખા દેશમાં મોટો હોબાળો મચતો હતો અને વિરોધ પ્રદર્શનો થતાં હતાં. પરંતુ આજે જ્યારે ભાવ બેફામ વધી રહ્યા છે, ત્યારે સવાલ એ થાય છે કે સામાન્ય જનતા કેમ મૌન છે? સાધારણ વ્યક્તિ કેવી રીતે જીવે? આટલી ચિંતાજનક મોંઘવારીમાં સામાન્ય પરિવારની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. લોકશાહીની ખરી તાકાત જનતા છે. પરંતુ જ્યાં સુધી પ્રજા મોંઘવારી, શિક્ષણ અને બેરોજગારી જેવા મૂળભૂત મુદ્દાઓને બદલે રાજકીય પક્ષોના ઈમોશનલ એજન્ડા પાછળ દોડતી રહેશે, ત્યાં સુધી કોઈ પણ સરકાર સામાન્ય માણસનો અવાજ સાંભળશે નહીં. દેશને રાજકીય ભાષણોની નહીં, પરંતુ આર્થિક વિઝન, સત્ય પ્રત્યેની નિષ્ઠા અને જનહિતને પ્રથમ રાખનારા નેતૃત્વની જરૂર છે.

ભરૂચ - રાજ હેતલસિંહ

સારે ગાંવ કી ફિકર

આપણા સમાજમાં ઘણી વ્યક્તિઓને અન્યના પરિવારની વધુ ‘‘ચિંતા’’ હોય છે! દા.ત. સંતાનો વડીલોને બરાબર સાચવે છે કે નહીં, અન્ય પરિવારનાં સંતાનોનાં લગ્ન કેમ નથી થતાં? લગ્ન થઈ ગયાં હોય તો પાંચ વર્ષ પછી પણ પારણું કેમ નથી બંધાયું? આ પરિવારના દીકરા-દીકરીના છૂટાછેડા કેમ થઈ ગયા? અન્ય પરિવારની દીકરી સાસરેથી કેમ પાછી આવી હશે? સાસુ-વહુ કે પતિ પત્નીના ઝઘડા હશે? પેલા ભાઈનાં સંતાનો કેમ જુદાં થઈ ગયાં હશે? વિ. અનેક ચિંતા અમુક ‘‘ચિંતાગ્રસ્ત’’ વ્યક્તિને સતાવતી હોય છે! કોઈના પરિવારના શું સંજોગો હોય એ અંગત બાબતમાં અન્ય કોઈ વ્યક્તિએ રસ લેવાની શું જરૂર હશે? અને સ્વયંનો અંગત અભિપ્રાય એકબીજાના કાન સુધી જરૂર પહોંચી જાય! ક્યારેક નિર્દોષ પક્ષ ખોટી રીતે બદનામી સહન કરે છે! ‘‘માનવ દુબલા ક્યું? સારે ગાંવ કી ફિકર!’’ આ માનસિકતા અયોગ્ય જ કહેવાય. ક્યારેક ઈર્ષ્યાનું પરિબળ પણ ભાગ ભજવતું હોય છે! અન્ય પરિવાર કે વ્યક્તિની ચિંતામાંથી મુક્ત થઈ સ્વયં પર ધ્યાન કેન્દ્રિત કરીશું તો શ્રેષ્ઠ આત્મનિરીક્ષણ થઈ શકશે. પ્રત્યેક માનવીના સમય અને સંજોગ ભિન્ન હોય છે. ક્યારેક ન કહેવાય, ન સહેવાય એવી પરિસ્થિતિમાંથી માનવી પસાર થતો હોય છે અને ક્યારેક આંખે નિહાળેલું અને કાને સાંભળેલું પણ અસત્ય હોઈ શકે.

સુરત - નેહા શાહ

સાચો દેશભક્ત

એક જાંબાઝ પાયલોટ સ્મિત મચ્છર કે જેઓ ગુજરાતી છે અને ભારતીય છે, તેમણે ઘાયલ હોવા છતાં પણ સમયસૂચકતા વાપરીને 174 પેસેન્જરોના જીવ બચાવ્યા છે. તેમને સલામ ન કરીએ તો એક ગુજરાતી અને ભારતીય તરીકે આપણે નગુણા કહેવાઈએ. નોકરીમાં સમયસૂચકતાનું ઘણું મહત્ત્વ છે. સમયસૂચકતાનું આટલું મોટું ઉદાહરણ બીજું ન હોઈ શકે. પોતે જ્યારે પેસેન્જરોની જવાબદારી સ્વીકારે છે ત્યારે પોતાના જાનનું જોખમ હોવા છતાં પણ તે પેસેન્જરોનું વિચારે છે. આ સાચો દેશભક્ત કહેવાય. કોઈ પણ માણસને દેશભકિતનો ચાન્સ મળે છે.એવું નથી કે લશ્કરમાં જોડાવાથી જ દેશભકિત વ્યક્ત થાય અને આ તો આકાશી માર્ગ હતો.

જમીન અને રોડ પર તો આવું બનતું જ રહે છે પરંતુ પોતાની સાથેનો પાયલોટ હુમલો કરી શકે એવી કલ્પના કરવામાં આવે તો પણ પાગલમાં ખપી જઈએ. આવો બનાવ મારી જિંદગીમાં મેં પહેલી વાર સાંભળ્યો છે. આપણા દેશમાં જ્યાં સુધી આવા વિરલા છે ત્યાં સુધી આપણો દેશ સલામત છે. દેશનાં અન્ય નાગરિકો તેમની પાસેથી પ્રેરણા લે એવી અભ્યર્થના સાથે સ્મિત સાહેબ જલ્દી સાજા થઈ જાય તેવી પ્રાર્થના.

સુરત - પ્રવીણ પરમાર

વૈચારિક ક્રાંતિની જરૂર

“સંસ્કાર, મર્યાદા કે ઈજ્જતનો ભાર ઘરની દીકરીઓ કે મહિલાઓના જ ખભે કેમ? શું પુરુષો એટલા કમજોર છે કે એ ભાર ખમી ન શકે?” હું સમજતો થયો ત્યારથી, એટલે કે 90ના દાયકાથી, નારીવાદીઓ આ પ્રશ્ન ઉઠાવતા આવ્યા છે. પરંતુ ત્રણ-ચાર દાયકા બાદ પણ સમાજ પાસે આ પ્રશ્નનો સંતોષકારક જવાબ નથી. કારણ કે સમાજમાં સ્ત્રીવિરોધી વિચારધારાનાં મૂળ એટલાં ઊંડાં છે કે, અપવાદરૂપ પરિવારોને બાદ કરતાં, મોટા ભાગે આજે પણ સંસ્કાર, મર્યાદા કે ઈજ્જતનો ભાર ઘરની દીકરીઓ કે મહિલાઓના ફક્ત ખભા પર જ નહીં, પરંતુ માથે અને તેમના સમગ્ર જીવન પર મૂકવામાં આવે છે– હજુ પણ 2026માં! આ આપણી સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓ તથા માન્યતાઓનું કલંક છે. જો ભારતીયો બંધારણીય વિવેક, કાયદાકીય જોગવાઈઓ તથા આધુનિક વિચારોને આત્મસાત નહીં કરે, તો આ સ્થિતિ હજુ પણ દાયકાઓ સુધી ચાલુ રહી શકે છે અને આમાંથી બહાર આવવા માટે સ્ત્રીઓએ માત્ર પરિવર્તનની માંગ કરનારી નહીં, પરંતુ એક વૈચારિક ક્રાંતિની જનક બનવું પડશે.

સુરત - નિલેશ ચૌહાણ